## Ana(n)t Nā Nav Chhugā

### Day 6: Chhugo Chh*tho*

# છૂગો છઠ્ઠો

આશાજી પાકી નારી જે પાકજ રહેવે, જેનું પાક પુરશસૂં કામજી;
નારી વીન્યા નર નહી આવે, ન સરે જીવુંના કામ–અલી અનત.૧

આશાજી નારી વીન્યા નર નહી આવશે, નહી આવે આપણે ઘેરજી,
પાકી નારી તો નરને લાવ્યા, સતીની એછે પેર–અલી.૨

આશાજી નારીએ પુરશ પૂરો શ્રેવીયો, ત્રણ ભૂવનનો નાથજી,
તોયે પુરખ તમે સાચા મૌલા તે છે અતિ કોડામણો–અલી ૩

આશાજી એહી પુરશ અતી રૂપે રળિયામણો, જેની નારીઉં લાખો લાખજી;
પાકી નારી જેનરની થાયસે, તે પુરખને લાવે નીરવાણ–અલી.૪

આશાજી પાકી નારી તે સતિયુંને કહીએ, જે કરે કાયાની વારજી;
કાયા તો તે સાફજ કરશે, જેણે કીધી સેવા અપાર–અલી.૫

આશાજી સેવા કરી જેણે મેવા પાયા, અને ખાધા હીરખે સારજી,
હઇડે અભાવ નેહજે પડીયા, તો થઈ લોઢાની ભીતજ સાર–અલી.૬

આશાજી તારે નારી નરસું વીનવે, વાત કરે છે સંભારજી,
છમાસ લગણ નારીએ દુઆગજ ભોગવ્યો, તોએ નર ન મલ્યા લગાર–અલી.૭

આશાજી એણે નારીને નર નહી મલ્યો, તોએ હીરખ હઇડે અપારજી,
તારે સાહેબે કીધો માન ચાવાણો, નારીની કીધી સાર–અલી.૮

આશાજી સાહેબકો નેહ નારી લઇ રહી, હઇડે તે હીરખ અપારજી;
એણે સંજોગે પીર સદરદ્દીન કહયા, મૌલા કરો હમારી સાર–અલી.૯

આશાજી હમ નારી હક શાહકી કહીએ, સોહી કરે હમારી સારજી;
નારી થઇ પીર હસન કબીરદ્દીન વીનવે, તમે વરો નર સુજાણ–અલી. ૧૦